ક્રમાંક:રાપબો/ચિત્રકામ/૨૦૨૩/1921-47

રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર-૨૧, ગાંધીનગર
તા:૧૯/૦૬/૨૦૨૩

પરિપત્ર

વિષય :- પ્રાથમિક ચિત્રકામ પરીક્ષા અને માધ્યમિક ચિત્રકામ પરીક્ષા-૨૦૨૨-૨૩ તારીખમાં ફેરફાર કરવા બાબત.

સંદર્ભ (૧) અત્રેની કચેરીના તા.૦૭/૧૨/૨૦૨૨ ના જાહેરનામા ક્રમાંક:રાપબો/ચિત્રકામ કક્ષા પરીક્ષા/૨૦૨૨/૧૨૩૨૧-૪૧૧.
(૨) અત્રેની કચેરીના તા.૦૮/૦૫/૨૦૨૩ ના પરિપત્ર ક્રમાંક:રાપબો/ચિત્રકામ/૨૦૨૩/૫૬૬૫-૫૭૫૯.

ઉપરોક્ત વિષયમાં જણાવવાનું કે, અત્રેની કચેરી દ્વારા સંદર્ભ-(૧) ના પરિપત્રથી જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ હતુ. તથા સંદર્ભ-(૨) અનુસારના પરિપત્રથી પ્રાથમિક ચિત્રકામ પરીક્ષા અને માધ્યમિક ચિત્રકામ પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ હતું, પરંતુ તારીખ:૨૫/૦૬/૨૦૨૩ ના રોજ અત્રેથી શિક્ષક અભિરુચિ કસોટી (માધ્યમિક) (TAT-S) મુખ્ય પરીક્ષાનું આયોજન કરેલ હોવાથી પરીક્ષાની તારીખ માં ફેરફાર કરેલ છે, જેમાં નીચે જણાવેલ તારીખ અને સમય મુજબ પ્રાથમિક ચિત્રકામ પરીક્ષા અને માધ્યમિક ચિત્રકામ પરીક્ષા-૨૦૨૨-૨૩નું આયોજન કરવામાં આવનાર છે.

- પ્રાથમિક ચિત્રકામ કક્ષા પરીક્ષાનો અભ્યાસક્રમ તથા તારીખ અને સમય:-

| ક્રમ | તારીખ | વાર | સમય | વિષય |
|---|---|---|---|---|
| પેપર -૧ | ૦૧/૦૭/૨૦૨૩ | શનિવાર | ૧૦.૩૦થી ૧.૦૦ | નેચર |
| પેપર -૨ | ૦૧/૦૭/૨૦૨૩ | શનિવાર | ૧.૩૦થી ૪.૦૦ | ભાતચિત્ર |
| પેપર -૩ | ૦૧/૦૭/૨૦૨૩ | શનિવાર | ૪.૩૦ થી ૫.૩૦ | ચિત્રસંયોજન |

- માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષાનો અભ્યાસક્રમ તથા તારીખ અને સમય:-

| ક્રમ | તારીખ | વાર | સમય | વિષય |
|---|---|---|---|---|
| પેપર -૧ | ૧/૦૭/૨૦૨૩ | શનિવાર | ૧૦.૩૦થી ૧.૩૦ | માનવસર્જિત પદાર્થ |
| પેપર -૨ | ૧/૦૭/૨૦૨૩ | શનિવાર | ૨.૩૦થી ૫.૩૦ | ભાતચિત્ર |
| પેપર -૩ | ૨/૦૭/૨૦૨૩ | રવિવાર | ૧૦.૩૦થી ૧.૩૦ | ચિત્રસંયોજન |
| પેપર -૪ | ૨/૦૭/૨૦૨૩ | રવિવાર | ૨.૩૦થી ૪.૩૦ | અક્ષરલેખન |

ઉકત કાર્યક્રમ મુજબ પ્રાથમિક ચિત્રકામ પરીક્ષા અને માધ્યમિક ચિત્રકામ પરીક્ષાનું આયોજન કરવામાં આવનાર છે, આ પરીક્ષા જે વિદ્યાર્થીઓએ જે શાળામાંથી ફોર્મ ભરેલ છે તે જ શાળામાં બેઠક વ્યવસ્થા ફાળવેલ છે, જેથી દરેક શાળાના આચાર્યશ્રીઓને પણ વિનંતી કે વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન પોતાની શાળાના જે વિદ્યાર્થીઓએ પરીક્ષાના ફોર્મ ભરેલ હતા તેઓને જાણ કરે.

આ અંગેની વધુ વિગતો માટે રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઇટ www.sebexam.org જોવા વિનંતી.

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

➢ <u>નકલ સાવનય રવાના જાણ સારૂ.</u>

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન.રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. સચિવશ્રીના અંગત મદદનીશ ,પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય,ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગુજરાત રાજય,ગાંધીનગર.
- માન.સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,તમામ.

➢ <u>**નકલ રવાના અમલાર્થે**</u>

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ (કાર્યક્ષેત્ર હેઠળની તમામ બોર્ડ સંલગ્ન શાળાઓને જાણ કરવા સારૂ)
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ (કાર્યક્ષેત્ર હેઠળની તમામ બોર્ડ સંલગ્ન શાળાઓને જાણ કરવા સારૂ)
- શાસનાધિકારીશ્રી, તમામ (કાર્યક્ષેત્ર હેઠળની તમામ બોર્ડ સંલગ્ન શાળાઓને જાણ કરવા સારૂ)
- પ્રમુખશ્રી, કલા શિક્ષક સંઘ, ગુજરાત રાજ્ય.
- જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.